# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૫૩ તા.૨૧-૩-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : શાળા પુસ્તકાલય સજ્જતા ગ્રાન્ટ વપરાશ બાબત...

સંદર્ભ : એસ.એસ.એ./ ટી.ટી./ પુ.ખ.શા./ ૧૮/૯૩૮૨-૯૪૨૦ તા.૧૬/૩/૧૮

આથી મ્યુ. શાળાના તમામ મુખ્ય શિક્ષકોને જણાવવાનું કે વર્ષ ૨૦૧૭-૧૮માટે શાળા પુસ્તકાલય સજ્જતા માટે રૂા.૧૦૦૦ પુસ્તકાલય સજ્જતા ગ્રાન્ટ આ સાથેની શરતો મુજબ શાળા કક્ષાએ ફાળવવામાં આવેલ છે.

➢ શાળા પુસ્તકાલયનો મુખ્ય હેતુ

(૧) શાળા કક્ષાએ સમૃધ્ધ કરવામાં આવેલ પુસ્તકાલયની સજ્જતા અને જાળવણી કરવાનો છે.

(૨) શાળામાં ઉપલબ્ધ પુસ્તકાલયમાં બુક ડિસ્પલે, બુક સેલ્ફ, સામાયિક, પુસ્તકો, વર્તમાનપત્રો વસાવીને શાળા પુસ્તકાલય સજ્જ કરવાનો છે.

➢ શરતો/કાર્યપધ્ધતિ

➢ નાણાકીય :

(૧) વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં થયેલ બજેટ જોગવાઈઓને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાની જોગવાઈ વર્ષ ૨૦૧૭-૧૮ માટે પણ અમલ કરવાની રહેશે.

(૨) સદર ગ્રાન્ટમાંથી કોઈપણ વસ્તુની ખરીદી / ખર્ચ કરતી વખતે રાજય સરકારના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) નાણાકીય વર્ષના અંતે વણવપરાયેલ ગ્રાન્ટ પરત કરવાની રહેશે અને તેની જવાબદારી શાળાના મુખ્ય શિક્ષકશ્રીની રહેશે અને આ ગ્રાન્ટનો ઉપયોગ અન્ય હેતુ માટે કરી શકાશે નહીં.

(૪) આ અંગેનો ખર્ચ રાજય કક્ષાના સ્થાયી તથા વખતો વખત લાગુ પડતા ઠરાવ/પરિપત્રો ની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) શાળા કક્ષાની સમિતિ બનાવી વિધાર્થી, શિક્ષકોના વિષયજ્ઞાન, સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તે પ્રકારના પૂરક / સંદર્ભ સાહિત્ય ખરીદવાના રહેશે. જેમાં ISBN (INTERNATIONAL STANDARD BOOK NUMBER) ધરાવતા પુસ્તકો જેને આધારે જે તે પુસ્તકનો બારકોડ જનરેટ થાય છે તેવા જ પુસ્તકો ખરીદવાના રહેશે.

(૬) શાળા કક્ષાએ નીચે મુજબ દસ સભ્યોની પસંદગી સમિતિ બનાવવાની રહેશે.

| | ધોરણ ૬ થી ૮ ની શાળા માટે |
|---|---|
| મુખ્ય શિક્ષક | ૧ |
| ધોરણ ૬ થી ૮ શિક્ષાકો | ૫ |
| વિધાર્થી/ વિધાર્થીની | ૪ |
| | ૧૦ |

કુલ ૧૦ સભ્યો રહેશે. જેમાં તમામ સભ્યોની ઉપસ્થિતિ અનિવાર્ય રહેશે.

- જયાં શિક્ષકોની સંખ્યા ઓછી હોય ત્યાં તેટલા બાળકોની સંખ્યા વધારી સમિતિમાં કુલ સભ્ય સંખ્યા ૧૦ કરવી.

શિક્ષકોમાં સ્ત્રી પુરુષ અને વિદ્યાર્થીઓમાં કુમાર કન્યા શકય હોય તો સપ્રમાણમાં જાળવવા.

(૭) એસ.એમ.સી. દ્વારા વિકેન્દ્રીકૃત રીતે ખરીદી કરવાની હોઈ શાળામાં ઉપલબ્ધ પુસ્તકો અને શાળા પુસ્તકાલયની ઉપલબ્ધ સુવિધાને ધ્યાનમાં રાખીને આ પસંદગી સમિતિ દ્વારા જરૂરિયાત અનુસારની ખરીદી તૈયાર કરીને એસ.એમ.સી. બેઠકમાં તે યાદીમાંથી શાળાની અગ્રતાક્રમની જરૂરીયાત નકકી કરીને પસંદગી સમિતિના સભ્યો તથા એસ.એમ.સીના સભ્યોની સર્વ પસંદગીથી એસ.એમ.સી.માં ઠરાવ કરીને ખરીદી માટેની મંજુરી મેળવી તે આધારે સંદર્ભિત પત્ર મુજબ ગ્રાન્ટ વપરાશ કરવાનો રહેશે.

(૮) પુસ્તક પસંદગી ક્ષેત્રો અને રકમની મર્યાદા

| ક્રમ | વિભાગ | વિગત |
|---|---|---|
| ૧ | બાળસાહિત્ય | ગુજરાતી (બાળવાર્તાઓ, બાળનાટકો, બાળ રમતો, બાળકાવ્યો) હિન્દી/અંગ્રેજી/ઉર્દૂ/મરાઠી/તમીલ (સચિત્ર વાર્તાઓ) |
| ૨ | શબ્દકોષ/જ્ઞાન કોષ અને સામાન્યજ્ઞાન | ગુજરાતી જોડણીકોષ, હિન્દી જોડણીકોષ, અંગ્રેજી ડીક્ષનેરી, ડીક્ષનેરી ગુજરાતી – અંગ્રેજી, ડીક્ષનેરી ગુજરાતી - હિન્દી – અંગ્રેજી, સચિત્ર શબ્દકોષ, બાળ જ્ઞાનકોષ4 જનરલ નોલેજ તથા વિધાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતું સાહિત્ય. |
| ૩ | પ્રેરક સાહિત્ય | જીવન ચરિત્ર (સ્વાતંત્રવીર, વિરલ નારીઓ, સામાજિક કાર્યકરો, વૈજ્ઞાનિકો, રમતવીરો) આત્મકથાઓ |
| ૪ | શિક્ષકો માટેના સંદર્ભ સાહિત્ય | વિવિધ વિષયના અભ્યાસક્રમ માટે સંદર્ભ હોય તેવા જ સાહિત્ય (ભાષા, ગણિત/વિજ્ઞાન, સા.વિજ્ઞાન), સ્વચ્છતા, વૈદિક ગણિત, ગણિત શાસ્ત્રીઓ વિશે-સંદર્ભનું સાહિત્ય |
| ૫ | સામયિકો | બાળ સામાયિકો (ઉંમર મુજબ, શૈક્ષણિક વેલ્યુ સાથેના), વિજ્ઞાન વિષયક સામાયિકો (ધોરણ ૬ થી ૮ માટે), ગણિત વિષયક સામાયિકો (ધોરણ ૬ થી ૮ માટે), અંગ્રેજી વિષયક સામાયિકો (ધોરણ ૩ થી ૫ અને ૬ થી ૮ માટે), સામાન્ય જ્ઞાનના સામાયિકો (ધોરણ ૧ થી ૫ અને ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે), એન.સી.ઈ.આર.ટી.ના સામાયિકો |

| વિભાગ | રૂપિયા |
|---|---|
| બાળ સાહિત્ય | ૨૦૦ |
| શબ્દકોષ/જ્ઞાનકોષ | ૨૦૦ |
| પ્રેરક સાહિત્ય | ૨૦૦ |
| શિક્ષાકો માટેનું સંદર્ભ સાહિત્ય | ૨૦૦ |
| સામાયિકો | ૨૦૦ |
| કુલ રકમ | ૧૦૦૦ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

ઉપરોકત વિભાગ મુજબ પુસ્તકો/ સામયિકોની ખરીદી કરવાની રહેશે. જે તે વિભાગમાં જણાવેલ મહ્ત્તમ રકમમાં ૫ ટકા વધઘટ રકમથી જે તે વિભાગવાર ખરીદી કરવી.

➢ ડેડસ્ટોક નોંધણી :

(૯) આ ગ્રાન્ટમાંથી શાળા કક્ષાએ લાવવામાં આવેલ વસ્તુઓ વર્ષ ૨૦૧૭-૧૮ માટે નવી બાબત હેઠળ શાળા પુસ્તકાલય સજ્જતા ગ્રાન્ટ હેઠળ શાળા લાયબ્રેરી રજીસ્ટર/ ડેડસ્ટોક રજિસ્ટરમાં નોંધવાની રહેશે. આ ગ્રાન્ટનો ઉપયોગ ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન ખરીદી કરવાનો રહેશે.

➢ ગ્રાન્ટ વપરાશ મર્યાદા અને પ્રમાણપત્ર (યુ.ટી.સી.)

(૧૦) તા.૩૧/૩/૨૦૧૮ સુધીમાં પુસ્તક ખરીદી કરી લેવાની રહેશે. ગ્રાન્ટ વપરાશ અંગેના વપરાશી પ્રમાણપત્રની વિગતો જે તે શાળા તરફથી સંબંધિત સી.આર.સી. કો. ઓર્ડિનેટરને પત્રક ૧ મુજબ ૩૧/૦૩/૨૦૧૮ સુધીમાં આપવાની રહેશે. અને સી.આર.સી.કો.ઓર્ડિનેટરે પત્રક ૨ મુજબ હાર્ડકોપી અને સોફ્ટ કોપી(એકસલ)માં તૈયાર કરી યુ.આર.સી. કો.ઓર્ડિનેટરને ૩૧/૩/૨૦૧૮ સુધી આપવાની રહેશે.

પુસ્તક ખરીદી મોનીટરીંગ

(૧૧) નીચે મુજબ શાળાઓએ ખરીદેલ પુસ્તકોની પુસ્તક પસંદગી ખરીદ પ્રક્રિયા બિલ, ડેડસ્ટોક નોંધણી અને પુસ્તકોની ભૌતિક ખરાઈ કરવી.

| ક્રમ | ચકાસણી કર્તા | શાખાઓ | ચકાસણી કર્યા બદલનું રીર્પોટીંગ કાર્ય |
|---|---|---|---|
| ૧ | સી.આર.સી. કો. ઓર્ડીનેટર | સી.આર.સી. ની તમામ શાળાઓ | જે તે યુ.આર.સી. કો. ઓર્ડીનેટર |
| ૨ | યુ.આર.સી. કો. ઓર્ડીનેટર | તમામ કલસ્ટરની એક એક શાળા | એ.ડી.સી. ટી.ટી. |
| ૩ | સુપરવાઈઝર | બિટની કોઈપણ ૧૦ શાળાઓ | જે તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી |

પત્રક -૧ (શાળા માટે ભરવાનું પત્રક)

| ક્રમ | ખરીદીની તારીખ | પ્રકાશ/સંસ્થાનુંનામ | પુસ્તક/ સામગ્રીની વિગત | પુસ્તક/ સામગ્રી ની સંખ્યા | છાપેલી કિંમત | કમિશન | પડતર કિંમત | ડેડસ્ટોક રજિસ્ટરમાં નોંધેલ પેજ નંબર અને તારીખ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |

શાળાનું નામ :-

તારીખ :- સહી અને સિકકો

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પત્રક -૨ (સી.આર.સી. કો. ઓ. માટે ભરવાનું પત્રક)

| ક્રમ | કલસ્ટરમાં સમાવિષ્ટ શાળાની સંખ્યા | ગ્રાન્ટ ફાળવેલ અપર પ્રા.શાળાની સંખ્યા | ખરીદ પક્રિયા પૂર્ણ કરેલ અપર પ્રા.શાળાની સંખ્યા | આ સંદર્ભે સીઆરસીએ ચકાસણી કરેલ શાળાની સંખ્યા | સમય મર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરેલ શાળાની સંખ્યા | કાર્યવાહી બાકી હોય તેવી શાળાની સંખ્યા | કાર્યવાહી બાકી હોય હોવાના કારણો |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

સી.આર.સી. કો.ઓ.નું નામ :-

તારીખ :- સહી અને સિકકો

તા.૨૧-૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી